સમગ્ર આદિજાતિ વિસ્તાર પેટા યોજના હેઠળ
ખેતીક્ષેત્રે ટપક સિચાઇ સહાય માટેના
ધોરણ નક્કી કરવા અંગે.

ગુજરાત સરકાર
સામાજીક ન્યાય અને અધિકારીકતા (આદિજાતિ વિકાસ) વિભાગ,
ઠરાવ ક્રમાંક :ટીએપી/૧૨૨૦૦૮/૭૯/ખ,
સચિવાલય, ગાંધીનગર.
તા.૯-૭-૨૦૦૮

વંચાણે લીધા:-- સામાજીક ન્યાય અને અધિકારીકતા (આદિજાતિ વિકાસ) વિભાંગનો
ભાગનો ઠરાવ ક્રમાંક: ટીએપી/૧૨૨૦૦૮/૭૯/ખ, તા.:૧૦-૬-૨૦૦૮

## સુધારા ઠરાવ:-

વિભાગના વંચાણે લીધેલ તા.૧૦-૬-૨૦૦૮ના ઠરાવ ક્રમાંક;-નં. ટીએપી/૧૦૨૦૦૮ /૭૯/ખ થી સમગ્ર આદિજાતિ વિસ્તાર પેટા યોજના હેઠળના વિસ્તારોમાં ખેતીક્ષેત્રે ટપક સિચાઇ પધ્ધતિથી અમલ કરવા માંગતા આદિજાતિના ખેડૂતોને સહાય આપવા આ યોજનાનો અમલ જીજીઆરસી દ્વારા કરવાનું નકકી કરવામાં આવેલ છે. અને આ યોજના અંતગર્ત વ્યકિતગત મળવાપાત્ર સહાયની કૂલ કિંમતના ૫૦ ટકા અથવા રૂ.૫૦,૦૦૦/- બેમાંથી જે ઓછી હોય તેટલી રકમની સહાય જીજીઆરસી દ્વારા આપવામાં આવશે. તેમ નકકી થયેલ હતું.

આ બાબતે પુખ્ત વિચારણાના અંતે નર્મદા જળસંપતિ પાણી પુરવઠા અને કલ્પસર વિભાગના ઠરાવ ક્રમાંક: પરચ-૧૦૨૦૦૫-૪૯૭(૩૮)-પાર્ટ-૨-ન. તા.૩૧-૩-૨૦૦૮ના ઠરાવમાં જણાવ્યા મુજબ સદર યોજના હેઠળ આદિજાતિના ખેડૂતોને સહાય આપવાની રકમની જે મર્યાદા રૂ.૫૦.૦૦૦/-હતી તે વધારીને રૂ. ૬૦,૦૦૦/- કરવામાં આવે છે. એટલે કે કુલ એમ.આઇ.એસ. કોસ્ટના ૫૦ ટકા અથવા પ્રતિ હેકટર રૂપિયા ૬૦,૦૦૦/- બંન્નેમાંથી જે ઓછી રકમ હશે તે રકમના ફાળાની સહાય સ્વરૂપે મળવાપાત્ર થશે.

ઉપરોકત વંચાણમાં લીધેલ ઠરાવમાં કરેલ અન્ય જોગવાઇઓ યથાવત રહેશે.

આ હુકમો સરખા ક્રમાંકની ફાઇલ ઉપર નાણાં વિભાગની તા. ૩-૭-૨૦૦૮ની નોંધથી મળેલ સંમતિથી બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે.

( જ્યોતિ કે. પટેલ )
નાયબ સચિવ (સેવા)
આદિજાતિ વિકાસ વિભાગ

પ્રતિ,

- માન. મંત્રીશ્રી, (આ.ક.વ.પ.) ના અંગત સચિવશ્રી, ગાંધીનગર.
- માન. રા.ક.મંત્રીશ્રી, (આ.ક.) ના અંગત સચિવશ્રી, ગાંધીનગર.
- સચિવશ્રી, આ.વિ.વિ. ના અંગત સચિવશ્રી, ગાંધીનગર .
- નાણાકીય સલાહકારશ્રી,નાણા વિભાગ,સચિવાલય, ગાંધીનગર.
- અગ્ર સચિવશ્રી, કૃષિ અને સહકાર વિભાગ ,સચિવાલય, ગાંધીનગર
- સચિવશ્રી,નર્મદા જળ સંપતિ પાણી પુરવઠા અને કલ્પસર વિભાગ સચિવાલય,ગાંધીનગર
- નિયામકશ્રી, સરદાર સરોવર નર્મદા નિગમ લી. સચિવાલય, ગાંધીનગર
- કમિશ્નરશ્રી,આદિજાતિ વિકાસ, બિરસામુંડા ભવન, સેકટર-૧૦.એ. ગાંધીનગર
- સર્વે પ્રાયોજના વહીવટદારશ્રીઓ.
- પગાર અને હિસાબી અધિકારીશ્રી, ગાંધીનગર/ અમદાવાદ.
- મહાલેખાકારશ્રી,રાજકોટ/અમદાવાદ.
- સીલેકટ ફાઇલ.